(101) "વ્હાલા ! ધર્મ વિચારીને અનુજનો ઈચ્છો અરણ્યે જવા, શી રીતે અવરોધ થાય મુજથી સત્કાર્યને સેવના" આ પંક્તિ કયા કાવ્યની છે ?

(A) ચક્રવાક મિથુન (B) એમ ઉગાર્યો ચંદ્રહાસ (C) ઊર્મિલા (D) દમયંતી સ્વયંવર

(102) કવિશ્રી ઉમાશંકર જોષીને 'નિશીથ' કાવ્યસંગ્રહ માટે ભારતીય જ્ઞાનપીઠ એવૉર્ડ કયા કવિ સાથે સંયુક્તરૂપે મળ્યો હતો ?

(A) ઉમાશંકર જોષી - મકરન્દ દવે
(B) રાજેન્દ્ર શાહ - ઉમાશંકર જોષી
(C) ઉમાશંકર જોષી - રઘુવીર ચૌધરી
(D) કન્નડ કવિ પુટપ્પા - ઉમાશંકર જોષી

(103) 'સાકરવું' શબ્દ કઈ બોલીમાં વપરાય છે ?

(A) સૌરાષ્ટ્રની
(B) પટ્ટણી બોલી
(C) મધ્ય ગુજરાતની (ચરોતરી બોલી)
(D) દક્ષિણ ગુજરાતની (સુરતી) બોલી

(104) છેલ્લું દર્શન કાવ્યમાં કવિ જયંત કોઠારીએ કોની પત્નીના અવસાન નિમિત્તે પ્રસ્તુત કરેલ સોનેટ કાવ્ય છે ?

(A) જયંત કોઠારી (B) રાવજી પટેલ (C) રા.વિ. પાઠક (D) જયંત પાઠક

(105) 'ફંફોસ્યુ સૌ ફરી ફરી અને હાથ લાગ્યુ ખાસ્સું; જૂનું ઝાડુ ટુથ-બ્રશ, વળી લક્સ સાબુની ગોટી' આ કાવ્યના કવિ કોણ છે?

(A) પ્રિયકાન્ત મણિયાર (B) મુકેશ જોષી (C) બાલમુકુન્દ દવે (D) કવિ બોટાદકર

(106) પથ્થર થરથર ધ્રુજે આ પંક્તિમાં કયો અલંકાર વપરાયો છે ?

(A) ઉપમા અલંકાર (B) ઉત્પ્રેક્ષા અલંકાર (C) વ્યાજસ્તુતિ અલંકાર (D) સજીવારોપણ અલંકાર

(107) દળદરનો અર્થ જણાવો.

(A) દેવું (B) માટીનો ઢગલો (C) દમન (D) બગડવું

(108) છોકરો ભણશે તો એનું જીવતર તો ઉજાળશે, પણ પાછળ ભાંડરુંના પણ જીવતર ઊજળી જશે. આ વિધાન કોણ બોલે છે ?

(A) મણિભાઈ (B) ભગવાનજીભાઈ (C) દેવરાજની બા (D) બિહારીલાલ

(109) શોકાવેશે હૃદય ભરતી, કંપતી ભીતિઓથી, ને ચિન્નાથી જ્વલિત બનતી, સંભ્રમે વ્યાગ્ર થાતી આ પંક્તિ કયા છંદમાં છે ?

(A) મંદાક્રાન્તા (B) અનુષ્ટુપ (C) શાર્દુલ વિક્રીડિત (D) પૃથ્વી

(110) ગુજરાતી ભાષાને ગુર્જરભાષા તરીકે ઓળખાવનાર કવિ કોણ છે ?

(A) નરસિંહ મહેતા (B) પ્રેમાનંદ (C) ભાલણ (D) ઉમાશંકર જોષી

(111) મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધુ જગત શાંત થઈ જાય આ વિધાન કયા પાઠમાંથી લેવામાં આવ્યું છે ?

(A) માત્માના માણસ (B) પોસ્ટ ઓફિસ (C) આંસુભીનો ઉજાસ (D) જમાના પ્રમાણે

(112) કોચમેન અલીડોસાની નજર કેવી હતી ?

(A) શિકારી કૂતરા જેવી
(B) ગીધ જેવી
(C) ઈટાલીના ગરુડ જેવી
(D) કાબર - ચીતરા તેતર જેવી

(113) ચંદ્રહાસ ક્યાં પહોંચીને વિશ્રામ કરે છે ? (કયા નગરમાં)
(A) શંખલપુર (B) વિરાજપુર (C) કૌશલપુર (D) કૌતલપુર

(114) સનસનાટી તૂટી પડવી એટલે શું ?
(A) ઘરમાં સૂનકાર વ્યાપવો (B) શાંતિ થવી
(C) નાસી જવું (D) આશ્ચર્ય કે હબકની સ્તબ્ધતાની વ્યાપક અસર થવી

(115) નીચેનામાંથી કઈ પદ્યવાર્તા શામળની નથી ?
(A) પંચીકરણ (B) મદન મોહના (C) નંદબત્રીસી (D) વેતાલ પચ્ચીસી

(116) મારા ફળીનાં ઝાડવાં બે કાવ્યના કવિ કોણ છે ?
(A) રમેશ પારેખ (B) દેવજી રા. મોઢા (C) ચિનુ મોદી (D) જયંત કોઠારી

(117) ધન્ય માતતાત એના દીસે છે, કોણે કીધાં હશે પુણ્ય ! હેમે હાડ ગાળ્યાં સુખ ટાળ્યાં, તો એવો હશે તન. પ્રસ્તુત પંક્તિ કયા કાવ્યમાંથી લેવામાં આવી છે ?
(A) કર્ણ-કુંતી સંવાદ (B) એમ ઉગાર્યો ચંદ્રહાસ (C) દમયંતી સ્વયંવર (D) ઉર્મિલા

(118) મણિશંકર રત્નજી ભટ્ટની સર્જક પ્રતિભા શામાં સોળે કળાએ ખીલેલી જોવા મળે છે ?
(A) સોનેટ (B) ખંડકાવ્ય (C) આખ્યાન (D) ઊર્મિકાવ્ય

(119) "આયે માટીડો ! નારી ઘડતાં - ઘડતાં ભૂલથી નર ઘડ્યો લાગે છે ભગવાને." આ વાક્ય કોણ બોલે છે અને કોને કહે છે ?
(A) રમલી - જીવાને (B) લોકગીતની નાયિકા - નાયકને
(C) ઝમકુ - જમનને (D) જીવલી - ભોજાને

(120) પળી શબ્દનો અર્થ આપો.
(A) સમય (B) પ્રવાહી ભરવાનું એક માપ
(C) પ્યાલી (D) પાણી

(121) 'હું ચાહું છું' કાવ્ય કવિશ્રી સુંદરમ્‌ના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યં છે ?
(A) કાવ્યમંગલા (B) યાત્રા (C) વસુધા (D) અવલોકના

(122) રમેશ પારેખની કવિતાઓ કયા કાવ્યસંગ્રહમાં ગ્રંથસ્થ થઈ છે ?
(A) છાતીમાં બારસાખ (B) ત્વ (C) મન પાંચમના મેળામાં (D) ખંડિત

(123) રવિશંકર મહારાજે ઈ.સ. 1922 માં રાષ્ટ્રીય શાળાની સ્થાપના ક્યાં કરી હતી ?
(A) માતર (B) સરસવણી (C) સુણાવ (D) ભાવડા

(124) કમખા ગમખા એ કોના જીવનનો સિદ્ધાંત હતો ?
(A) કે. કા. શાસ્ત્રી (B) મકરંદ દવે (C) વિનોબા ભાવે (D) ગાંધીજી

(125) ટાંપ શબ્દનો અર્થ આપો.
(A) કામ (B) નજર (C) ટેકો (D) મદદ

(126) પરાજયની જીત કાવ્ય પ્રહ્‌લાદ પારેખના કયા કાવ્યસંગ્રહમાંથી લેવામાં આવ્યું છે ?
(A) સરવાણી (B) બારીબહાર (C) ગોરજ (D) તરણાં

(127) તો, તો તોફાનદિનમાં માત્ર સંસ્થાને નુકશાન થાય એજ તોફાન આવે એમને ? આ વાક્ય કોણ બોલે છે ?

(A) નાનાભાઈ ભટ્ટ (B) ભરતભાઈ (C) ગિજુભાઈ (D) મનુભાઈ પંચોળી

(128) આભરણ શબ્દના સમાનાર્થી શબ્દો શોધો.

(A) અલંકાર - આભૂષણ, શણગાર (B) આકાશ - નભ - વ્યોમ

(C) વસ્ત્રો, કપડાં, પોશાક (D) અંગુઠાંનું ઘરેણું, અણવટ

(129) શુક્રચંચા અતિઉત્તમ, જાણે અધરબિંબ અલંકન શશી-સવિતા શ્રવણે કુંડળ, દાડમકળી શાં દાંત, ઉપરોક્ત પંક્તિમાં કોના રૂપના વખાણ કરવામાં આવ્યા છે ?

(A) નળરાજા (B) ચંદ્રહાસ (C) મદનકુંવર (D) અર્જુન

(130) 'મંડળી મળવાથી થતા લાભ' એ નિબંધ લખી નિબંધ લખવાની શરૂઆત કરનાર કોણ હતા ?

(A) કાકા કાલેલકર (B) નર્મદ (C) ઉમાશંકર જોષી (D) જયંત કોઠારી

(131) ગુજરાતી સાહિત્યમાં દયારામ કયા પ્રકારના સાહિત્યસર્જન માટે વિખ્યાત છે ?

(A) પદ્યવાર્તા (B) ગરબી (C) પદ (D) ઊર્મિકાવ્ય

(132) નીચે આપેલાં વિશેષણો પૈકી કયું વિશેષણ વિકારી છે ?

(A) ધનવાન (B) હોશિયાર (C) સરસ (D) રૂપાળું

(133) શ્રી પ્રભાશંકરને બોલાવી, માગેલા રાજીનામા પર મંજૂરીનો હુકમ લખવા આજ્ઞા કરી. - વાક્યમાં વપરાયેલાં કૃદંત જણાવો.

(A) મંજૂરીનો, આજ્ઞા, હુકમ (B) બોલાવી, માગેલા, હુકમ

(C) રાજીનામા, લખવા, બોલાવી (D) બોલાવી, માગેલા, લખવા

(134) નીચે આપેલા વાક્યોમાંથી કયું વાક્ય લેખનરૂઢિની દૃષ્ટિએ સાચું છે ?

(A) મેં મગફળી અને ગોળ ખાધો (B) ગામમાં એક શાકભાજીવાળો ફેરિયો આવ્યો છે.

(C) ખાવા માટે બિલાડી દીવાલ ઉપર ચઢી. (D) મોટા ભાઈ આવ્યા અને મોટા બહેન ગયા.

(135) સંબંધક ભૂતકૃદંતના અનુસંધાને નીચે પૈકી કઈ બાબત બંધબેસતી નથી ?

(A) કોઈ ચોક્કસ કાળનું સૂચન કરતું નથી.

(B) અગાઉ થયેલી ક્રિયા સાથે ક્રિયાપદનો સંબંધ બનાવે છે.

(C) 'ઈ' અને 'ઈને' પ્રત્યય દ્વારા દર્શાવવામાં આવે છે.

(D) હસીહસીને, જોઈ, રમીને વગેરે સંબંધક ભૂતકૃદંતના પદો છે.

(136) નીચે નવલિકા અને તેમાં આવતા પાત્રની જોડ આપેલ છે. કયું પાત્ર નવલિકા સાથે બંધબેસતું નથી ?

(A) બૅંકમાલિક - શરત (B) નીલા - સેલ્વી પંકજમ્

(C) હીરા - મા'ત્માના માણસ (D) જીવલી - ખીજડિયે ટેકરે

(137) લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ નીચેના પૈકી કયું વાક્ય સાચું છે ?

(A) આજીવન દૃષ્ટિ કવિને માટે મૃત્યુની ઘટનાને મંગલ બનાવી દે છે.

(B) મૃત્યુ વિષયક કાવ્યોમાં તો એ વીરલ છે.

(C) કાવ્ય આરંભાયુ મનની ભારે અવસ્થાના સુચનથી.

(D) 'સુંદરી' ને સ્થાને 'સૌંદર્ય' અને તે પણ પૂજનીય.

(138) વિરામચિહ્નોની દૃષ્ટિએ સાચું વાક્ય કયું છે ?

(A) પણ, મને હું રજમાત્ર હીન ગમતી નથી, બલ્કે મને એનું ગૌરવ છે.

(B) પણ મને હું રજમાત્ર હીન ગણતી નથી. બલ્કે મને એનું ગૌરવ છે !

(C) પણ, મને હું રજમાત્ર હીન ગણતી નથી ! બલ્કે મને એનું ગૌરવ છે.

(D) પણ મને હું રજમાત્ર હીન ગણતી નથી; બલ્કે મને એનું ગૌરવ છે.

(139) 'ઉપાલંભ' શબ્દનો સાચો સમાનાર્થ શબ્દ કયો છે ?

(A) અમગમો (B) મશ્કરી (C) વધુ લાભ (D) ઠપકો

(140) 'વસુધા' ના અભ્યાસ મારફતે જીવનઘડતરનો આદર્શ સંદેશ કઈ નવલકથામાં દર્શાવવામાં આવ્યો છે ?

(A) આ કાંઠે તરસ (B) મને પૂછશો નહીં

(C) આંસુભીનો ઉજાસ (D) સૂકી ધરતી, સૂકા હોઠ

(141) 'અનુરુદ્ધનો ગૃહત્યાગ' બોધકથા લેખકની કઈ કૃતિમાંથી લેવામાં આવી છે ?

(A) પ્રપા (B) દિગ્દર્શન

(C) કમળના તંતુ (D) મળવા જેવા માણસ

(142) આ સીતાફળ આપતું ઝાડ બહુ જ સુંદર છે ! - સીતાફળ પદમાં 'ઈ' પ્રત્યય ઉમેરતાં સાચું વાક્ય કયું બનશે ?

(A) આ સીતાફળી આપતું ઝાડ બહુ જ સુંદર છે ! (B) આ સીતાફળીનું ઝાડ બહુ જ સુંદર છે !

(C) આ સીતાફળી ઝાડ બહુ જ સુંદર છે ! (D) આ સીતાફળી બહુ જ સુંદર છે !

(143) મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં સૌથી વધુ લોકપ્રિય પદ્યવાર્તાકાર કોણ હતા ?

(A) શામળ ભટ્ટ (B) નાના ભટ્ટ (C) વિનોદ જોશી (D) દલપતરામ

(144) વિરહના ભાવોને ઉલ્લાસના સૂરોમાં રજૂ કરતું લોકગીત નીચેના પૈકી કયું છે ?

(A) વનમાં ચાંદલિયો ઊગ્યો (B) ભવના અબોલા

(C) આભમાં ઝીણી ઝબૂકે વીજળી (D) ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ

(145) 'જવનિકા' શબ્દનો સમાનાર્થી શબ્દ કયો છે ?

(A) પીડા (B) ધીરજ (C) જરાક (D) પડદો

(146) ગીતા દીવડાને પ્રગટાવે છે. - આ વાક્યમાં 'દીવડાને' પદ કઈ વિભક્તિ દર્શાવે છે ?

(A) અધિકરમ (B) કર્મ (C) કરણ (D) સંપ્રદાન

(147) કેવા પ્રકારના વાક્યમાં શાસ્ત્રની આજ્ઞા, પ્રેરણા, ઉપદેશ કે ફરજનો ભાવ દર્શાવાતો હોય છે ?

(A) ક્રિયાતિપત્યર્થ (B) વિધાન (C) સંભાવનાર્થ (D) વિધ્યર્થ

(148) નીચેના વિધાનો કયા સાહિત્યકારને લાગુ પડે છે ?

- તેની અધ્યાપક તરીકેની સેવાઓનો લાભ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીને મળ્યો હતો.

- મહાભારતમાંથી 'ભારતસંહિતા' તારવી આપી હતી.

(A) ઉમાશંકર જોશી (B) નારાયણ દેસાઈ

(C) ચંદ્રકાન્ત શેઠ (D) કેશવરામ શાસ્ત્રી

(149) મેં મકાનો બાંધવાને જે ઘડ્યા, રે તે ખીલા તો અહીં જડ્યા ! - આ પંક્તિઓ કયા કવિની છે ?

(A) રમેશ પારેખ
(B) વેણીભાઈ પુરોહિત
(C) રાજીવ પટેલ
(D) પ્રિયકાન્ત મણિયાર

(150) કે. કા. શાસ્ત્રીને નીચેના પૈકી કયું ગૌરવ - બિરુદ અર્પવામાં આવ્યું નહોતું ?

(A) ભારતમાર્તંડ
(B) કર્મચૂડામણિ
(C) ગુર્જરરત્ન
(D) ભાષાભાસ્કર

(151) વરસો પછી મારા ગામની શેરીમાં પગ મૂક્યો ત્યારે આખીયે શેરી હું સાવ અજાણ્યો હોઉં એમ મને તાકી રહી. - આ વાક્ય કયા લલિતનિબંધમાં છે ?

(A) સ્વરૂસન્નિધાન
(B) માસ્ક
(C) સ્ટેચ્યૂ રમવાની મજા
(D) મિત્રતાની કલા

(152) રાત્રે હું ફોટા વગરના મોઢિયા ફાનસના અજવાળામાં વાંચવા બેસું ત્યારે બા મારી પાસે બેસીને બજર ઘસતી બેસતી. - આ પંક્તિઓ કયા ગદ્યની છે ?

(A) માતાનું સ્મારક
(B) રોજિંદા જીવનું વ્યાકરણ
(C) રેફરન્સ બુક
(D) બા, ભાઈ ક્યાં ?

(153) છેલ્લે રહ્યા દોઢ પાશેર ! પ્રસંગકથામાં કયા દેશનો પ્રસંગ વર્ણવવામાં આવ્યો છે ?

(A) ઈટાલી
(B) રશિયા
(C) જર્મની
(D) ડેન્માર્ક

(154) નીચે આપેલ શબ્દોમાં ખોટી જોડણીવાળો શબ્દ કયો છે ?

(A) પ્રતીતિ
(B) મુહૂર્ત
(C) કીમિયો
(D) ચિપિયો

(155) કેવા પ્રકારની વાક્યરચનામાં ક્રિયાપદ કર્મને અનુલક્ષીને મુકાય છે ?

(A) પ્રેરક
(B) ભાવે
(C) કર્તરિ
(D) કર્મણિ

(156) 'ગોળ' એ કેવા પ્રકારનો શબ્દ છે ?

(A) સંવૃત
(B) વિદેશી
(C) વિવૃત
(D) અનિશ્ચિત

(157) 'ભૂર' શબ્દનો વિરોધી શબ્દ કયો છે ?

(A) ડાહ્યું
(B) અમીર
(C) બહાદુર
(D) ડર

(158) નીચેના વાક્યનો પ્રકાર કયો છે ? "મણિભાઈને થયું કે, પોતે હજી જેલમાં જ છે અને એક સ્વપ્નું જુએ છે"

(A) સાદુ, સંયુક્ત વાક્ય
(B) સંયુક્ત, સંકુલ વાક્ય
(C) સંકુલ, સાદુ વાક્ય
(D) સંકુલ, સંયુક્ત વાક્ય

(159) 'આ દીવા<u>માંથી</u> ઘાસલેટ ઢોળીને લઈ લ્યો.' રેખાંકિત અક્ષર કઈ વિભક્તિનો છે ?

(A) પ્રથમ વિભક્તિ
(B) દ્વિતીય વિભક્તિ
(C) ષષ્ઠી વિભક્તિ
(D) પંચમી વિભક્તિ

(160) 'ચૂલામાં બાળવા માટે ગોઠવેલાં છાણાં-લાકડાં' શબ્દ સમૂહ માટેનો એક શબ્દ કયો છે ?

(A) ઓબાળ (B) ભઠ્ઠો (C) આડ (D) કસ્તર

(161) નીચેના વાક્યમાં પ્રત્યય કયો છે ? 'એ તો ભાતના એક પ્રખ્યાત ક્રાંતિકારી પુરુષ હતા ?'

(A) ના (B) ત (C) કારી (D) પ્ર

(162) ભારતના બંધારણની કઈ અનુસૂચિમાં દરેક ભાષા માટે અકાદમીની સ્થાપના કરવાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે ?

(A) પાંચમી (B) છઠ્ઠી (C) સાતમી (D) આઠમી

(163) 'મને ગુજરાતીમાં બોલતાં સાંભળીને તમને નવાઈ ઉપજી હશે !' આ વાક્ય કોણ બોલે છે ?

(A) અમ્મા (B) અપ્પા (C) નારાયણજી (D) સેલ્વી પંકજમ્

(164) સાહિત્યકાર અને કૃતિનાં જોડકાં પૈકી કયું સાચું છે ?

1. આનંદ શંકર ધ્રુવ - ઈશ્વર સર્વવ્યાપી

2. કિશનસિંહ ચાવડા - શરત

3. એન્ટન ચેખાવે - અમૃતા

4 મહેશ યાજ્ઞિક - વાત એક શાપની

(A) 1 - 2 4 (B) 2 - 3 (C) 1 - 4 (D) 2 - 3 4

(165) ડૉ. હસુ યાજ્ઞિકે કયા લેખમાં આદિવાસી લોકકલા અને સંસ્કૃતિની ઝાંખી કરાવી છે ?

(A) આપણું ગુજરાત (B) આદિવાસીની અસ્મિતા

(C) ધન્યધરા ગુજરાતી (D) આપણો કલા વારસો

(166) યોગ્ય વિરામ ચિહ્નોની દૃષ્ટિએ નીચેનામાંથી કયું વાક્ય સાચું છે ?

(A) 'હું તમારી જોડે' સંમત નથી થતો !

(B) તમે ખરેખર સમજીને આ કહી રહ્યા છો ?

(C) તમારાં બધાં પુસ્તકોએ, મને શાણપણ દીધું છે ?

(D) મહેમાનોએ એવો અભિપ્રાય કેમ વ્યક્ત કર્યો.

(167) 'આસું ભીનો ઉજાશ' નવલકથાખંડમાં નીચેનું વાક્ય કોણ બોલે છે - એ ઉજ્જડ મલકને મારે નંદનવનમાં ફેરવી નાખવો છે.

(A) ભગવાન (B) પરભુ (C) કાન્તા (D) દેવરાજ

(168) ધોરણ - 12 ગુજરાતી પ્રથમ ભાષાના પાઠ્યપુસ્તકના મુખ્ય પૃષ્ઠ - 4 (છેલ્લાં) પાના ઉપર કયું ગીત મૂકવામાં આવ્યું છે ?

(A) રાષ્ટ્રગાન (B) રાષ્ટ્રીય જય ચેતનાનું ગાન

(C) રાષ્ટ્રગીત (D) પ્રતિજ્ઞાપત્ર

(169) 'પુસ્તકો સપનામાં આવે અને મને પૂછે' ''કબાટમાંનાં પુસ્તકો'' ઊર્મિકાવ્ય આધારે કયું વિધાન સાચું નથી.

(A) 'ક્યારેય કબાટમાં જોયાં છે ?'

(B) 'તમે અમને ઓળખ્યાં કે ?'

(C) 'અમારાં ફળ ક્યારેય ખાધાં છે ?'

(D) 'તું ક્યારેય અમારામાં ન્હાયો છે ?'

(170) નીચેનામાંથી સાહિત્ય સ્વરૂપ દષ્ટિએ કયું જોડાણ સાચું છે ?
(A) મા'ત્માના માણસ - નાટક (B) શ્યામ રંગ સમીપે - પદ
(C) આપણો લોકવારસો - નવલિકા (D) પથ્થર થર થર ધ્રુજે - ગીત

(171) કવિ બોટાદકરના છંદોબદ્ધ કાવ્ય 'ઊર્મિલા'માં કયો છંદ બંધ બેસતો નથી ?
(A) શાર્દૂલ વિક્રીડિત (B) અનુષ્ટુપ (C) પૃથ્વી (D) મન્દાક્રાન્તા

(172) જે વાક્યમાં ઉપદેશ કે ફરજનો ભાવ દર્શાવાતો હોય તે વાક્યને કેવું વાક્ય કહે છે ?
(A) ઉદ્‌ગાર વાક્ય (B) વિધાન વાક્ય (C) પ્રશ્નાર્થ વાક્ય (D) વિધ્યર્થ વાક્ય

(173) 'આળિયો' તળપદા શબ્દનું શિષ્ટરૂપ જણાવો.
(A) આળ પંપાળ (B) કબાટ (C) ગોખલો (D) ભંડારિયું

(174) ગુજરાતી મૂળાક્ષર વ્યંજનોમાં કયા અક્ષર જોડાક્ષર છે ?
(A) 'શ્ર' અને 'ષ' (B) 'ક્ષ' અને 'જ્ઞ' (C) 'જ્ઞ' અને 'ળ' (D) 'ક્ષ' અને 'ત્ર'

(175) નીચેની પંક્તિ કયા કવિની કવિતાની છે ?
હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની ને જે અસુંદર રહી તે સર્વને, મૂકું કરી સુંદર ચાહી ચાહી.
(A) 'ઘાયલ' (B) 'ઈર્શાદ' (C)'શેષ' (D) 'સુન્દરમ્'

(176) નીચેનાં સાદાં વાક્યો કયા સંયોજનથી જોડાઈને સંકુલ વાક્ય બનશે ?
- રાતના અઢી-ત્રણના સુમારે સૌ જંપ્યાં.
- ચારેય વૃદ્ધ માણસોએ આવીને દરબારને ઈશારો કર્યો.
(A) જે, તે (B) કે (C) જયારે ત્યારે (D) પણ

(177) રા. વિ. પાઠકનું 'છેલ્લું દર્શન' કાવ્ય કયા પ્રસંગ નિમિત્તે લખાયું છે ?
(A) પ્રથમ પત્નીના અવસાન નિમિત્તે (B) પ્રિયતમાના અવસાન નિમિત્તે
(C) પરમાત્માને ઉદ્દેશીને (D) પોતાના મૃત્યુંને ઉદ્દેશીને

(178) યોગ્ય શબ્દ વડે ખાલી જગ્યા પૂરો.
'મીઠા વગરની ............ રસોઈ ફીકી લાગે છે.'
(A) સાંજની (B) બધી (C) સવારની (D) હોટલની

(179) નીચેના પૈકી કયા વિધાનમાં પુરુષાર્થનો મહિમા દર્શાવ્યો છે ?
(A) નસીબમાં હોય તો સફળતા પ્રાપ્ત થાય. (B) આપણું મન આપણો ભાગ્ય વિધાતા છે.
(C) સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય. (D) પુરુષાર્થ કરતાં પ્રારબ્ધ મહાન છે.

(180) 'દમયંતિ સ્વયવંર' માં નીચેનામાંથી કયા દેવ ઉપસ્થિત ન હતા ?
(A) અગ્નિ (B) શનિ (C) યમ (D) વરૂણ

(181) લેખન કૌશલ્યમાં આધારરૂપ બાબત કઈ છે ?
(A) સુવાચ્ય અક્ષર (B) વિચારશક્તિ (C) શબ્દ ભંડોળ (D) વિચારોની ગૂંથણી

(182) નીચેનામાંથી સૂક્ષ્મ અધ્યાપનનો અંતિમ તબક્કો કયો છે ?
(A) પુનઃ આયોજનનો તબક્કો (B) પ્રતિપોષણનો તબક્કો
(C) પુનઃ પ્રતિપોષણનો તબક્કો (D) શિક્ષણનો તબક્કો

(193) થોર્નડાઈક અને હોર્નલી એ શબ્દભંડોળને કેટલા વિભાગમાં વહેચ્યું છે ?

(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ

(194) માઈક્રોટીચિંગ અંગેનો ખ્યાલ સને 1961 માં નીચેનામાંથી કઈ યુનિવર્સિટીને થયો ?

(A) હાવર્ડ યુનિવર્સિટી (B) ઓક્સફર્ડ યુનિવર્સિટી

(C) સ્ટેનફોર્ડ યુનિવર્સિટી (D) મિલ્ટન યુનિવર્સિટી

(195) વર્ગના કદ અને સમયની દૃષ્ટિએ માઈક્રોટીચિંગ એ માપી શકાય એવી અધ્યાપન પ્રક્રિયા છે. આ વાક્ય કોનું છે ?

(A) એલન ડ્વાઈટ (B) બ્રુશ (C) ક્લીફ્ટ (D) કેલનબેક

(196) શિક્ષકે વર્ગખંડમાં વિષયાભિમુખ કૌશલ્ય હસ્તગત કરવા માટે કયા પ્રકારનું અનિચ્છનીય વર્તન કરવાનું ટાળવું જોઈએ ?

(A) કડક વલણ (B) સાહજિકતા પૂર્વકનું વર્તન

(C) હાસ્ય પૂર્વકનું વર્તન (D) સાતત્યભંગનું વર્તન

(197) નીચેનામાંથી કયા પ્રકારનું કૌશલ્ય શિક્ષકના વર્ગકાર્યનો લેખિત દસ્તાવેજ છે ?

(A) વાંચન કૌશલ્ય (B) પ્રશ્નો પ્રવાહિત કૌશલ્ય

(C) ઉદાહરણ કૌશલ્ય (D) શ્યામ ફલક કૌશલ્ય

(198) શિક્ષક વર્ગખંડ દરમિયાન વિવિધ પ્રકારના હલનચલન, હાવભાવ અને વાણીમાં આરોહ અવરોહ કરે છે તે કયા પ્રકારનું કૌશલ્ય કહી શકાય ?

(A) સ્પષ્ટીકરણ કૌશલ્ય (B) પ્રશ્ન પ્રવાહિતા કૌશલ્ય

(C) ઉત્તેજના પરિવર્તન કૌશલ્ય (D) ઉદાહરણ કૌશલ્ય

(199) વાતને જ્યારે દલીલના રૂપમાં, તર્કના રૂપમાં, આક્ષેપ કે બચાવના રૂપમાં રજૂ કરવાની હોય ત્યારે કયું ગદ્ય ઉપયોગી બને છે ?

(A) વિવરણાત્મક ગદ્ય (B) ભાવાત્મક ગદ્ય

(C) વાદાત્મક ગદ્ય (D) વર્ણનાત્મક ગદ્ય

(200) કસોટીની રચના માટે ત્રિપરિમાણદર્શક કોષ્ટક (Blue Print) ની રચના શાના આધારે કરવામાં આવે છે ?

(A) હેતુઓ આધારિત ગુણભાર નક્કી કરવો.

(B) વિષયવસ્તુ આધારિત ગુણભાર નક્કી કરવો

(C) પ્રશ્નના પ્રકાર આધારિત ગુણભાર નક્કી કરવો.

(D) ઉપરોક્ત ત્રણેય બાબતોને ધ્યાનમાં લઈને ત્રિપરિમાણ દર્શક કોષ્ટક રચવું.

◆◆◆

